પત્ર ક્રમાંક:જમન-૨૨૦૯-૨૭૪-ગ

મહેસૂલ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૨/૫/૦૯

પ્રતિ
કલેકટરશ્રી, તમામ

વિષય: સરકારની પૂર્વ પરવાનગી બોર્ડ/કોર્પોરેશનને જમીન નહીં ફાળવવા બાબત

ઉપર્યુક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, સરકારશ્રીના બોર્ડ/કોર્પોરેશન પાસેથી પૂર્ણ બજાર કિંમત વસૂલ કરીને, જમીન ફાળવવાની જોગવાઈ ગુજરાત રાજ્ય નાણાકીય નિયમો-૧૯૭૧ ના નિયમ-૧૮૫ હેઠળ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાં કેટલીક કલેકટર કચેરીઓ દ્વારા આ અંગે પૃચ્છા કરવામાં આવે છે અને કોઇક કિસ્સામાં વહીવટી હુકમ -૩ હેઠળ કિંમત માફી/મહેસૂલ માફીથી જમીન ફાળવવામાં આવે છે. જે યોગ્ય નથી.

તેથી આવા પ્રસંગો ટાળવા અને સરકારી જમીન ગેરકાયદેસર રીતે ફાળવી ના દેવાય તે માટે જ્યારે આવી માગણી આવે ત્યારે, સરકારશ્રી ની પૂર્વ પરવાનગી વગર બોર્ડ/કોર્પોરેશનને કે સરકારશ્રીના અન્ય વિભાગને જમીન તબદીલ નહીં કરવા આ સૂચનાનો ચુસ્ત પણે અમલ કરવા સર્વે કલેકટર કચેરીઓને જણાવવામાં આવે છે.

sd/-
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

નકલ રવાના:
સેકશન અધિકારી શ્રી, મહેસૂલ વિભાગ ની અ, અ-૧ શાખા તથા લ શાખા